ઈન્ટરનેશનલ યર ઓફ લાઈટ નિમિતે બે દિવસીય સેમિનારનો પ્રારંભ

ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે યોજાયો ગગનોત્સવ

શહેરની વિવિધ સરકારી શાળાઓના ૩૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૦ ખાતે આવેલ ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે આજરોજ ગગનોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરની ૧૯ સરકારી શાળામાં અભ્યાસ કરતા ૫૦૦ થી પણ વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પતંગનો ઈતિહાસ,વિવિધ દેશોમાં પતંગનું મહત્વ, પતંગનું સર્જન વિશે સવિસ્તાર માહિતી પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ઉતરાયણ પર્વ નિમિતે આજે ગગનોત્સવનું કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ કલાકે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ.રાઠોડ, ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ દિવ્યાંશુ દવેના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા શિક્ષણાધિકારી રાઠોડે પ્રાસંગિક ઉદબોધન માં જણાવ્યું હતું કે બાળકોને ગમ્મત સાથે આનંદમય વાતાવરણમાં પ્રવૃતિઓ કરાવતી ચિલ્ડ્રન યુનિવર્સિટી બાળકો માટે વકિલની જેમ ફરજ બજાવી બાળકોના વિકાસનું કાર્ય કરી રહી છે. ભારત એ ઉત્સવ પ્રિય દેશ છે જેમાં મકરસંક્રાંતિ અગત્યનો ઉત્સવ છે. ગગનોત્સવ દ્વારા બાળકોની સર્જન શકિતને ખીલવવાનો પ્રયાસ આવકાર દાયક છે તેમજ બાળકોને આ અવસરને મનમુકીને માણવાનું જણાવ્યું હતું. સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન બાળકોને જ્ઞાન ખંડ, સર્જન ખંડ અને કલા ખંડ એમ ત્રણ વિભાગોમાં પાડવામાં આવ્યાં હતાં. જેમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પતંગનો ઈતિહાસ, વિવિધ દેશોમાં પતંગનું મહત્વ, સર્જન તેમજ પતંગ પર ચિત્રકામ જેવા વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓને ભાગીદાર કરવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ પતંગ અંગે માહિતી મેળવી પોતાની કલા અને કલ્પનાથી પતંગ બનાવ્યા હતા.જયારે પતંગ વિશેની રસપ્રદ ઐતિહાસીક માહિતી જે કયારેય સાંભળી ન હોય તેવી વિગતો જાણી બાળકો ખુશહાલ થઈ ગયા હતા. શહેરની સે.૨૧, ૨૨, ૨૮, ૨૯, ૩૦, ૨, અને બાસણ, બોરીજ, પાલજ સહિતની સરકારી શાળાઓ મળીને કુલ ૧૯ શાળાના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ ગગનોત્સવમાં જોડાયા હતા. અલ્પાહાર બાદ બાળકોને યુનિવર્સિટી દ્વારા પતંગ અને દોરીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ બે કલાક મેદાનમાં જઈને પતંગ ચગાવીને આનંદ માણ્યો હતો. કાર્યક્રમમાં બાળકોને કુલપતિ દિવ્યાશું દવે તેમજ કુલ સચિવ કમલામણી રાવે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન મીનળબા જાડેજાએ તેમજ આભારવિધિ ડૉ. એમ.જી. વ્યાસે કરી હતી.

> પતંગનો ઈતિહાસ-પતંગની શોધ ઈ.સ.૫૪૯માં ચીનમાં થઈ, પતંગની શોધ ચાઈનીજ ફિલોસોફર મોજી અને લૂ બાને સૌ પ્રથમ કાગળમાંથી પતંગ બનાવી હોવાનું ઈતિહાસમાં નોંધાયું છે. એ સમયમાં પતંગનો ઉપયોગ બચાવ કાર્ય માટે થતો હોવાનું ઈતિહાસમાં નોંધાયું છે. પ્રાચીન અને મધ્યયુગમાં ચીનમાં તેનો ઉપયોગ અંતર માપન, પવનની દિશા ચકાસણી સંકેત મોકલવા અને સૈન્ય પ્રત્યાયન માટે થતો હતો.

@ગાંધીનગર

● ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા બપોરે ૨ કલાકે સત્યાગ્રહ મેદાન ખાતે સ્વાભિમાન ધરણા કરાશે.

● સેકટર-૨૩, કડી કેમ્પસના શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન કબીર ગાન કાર્યક્રમ યોજાશે.

● સે-૭, જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે બપોરે ૧.૩૦ કલાકે સ્વ. શેઠ શ્રી જીવણભાઈ એમ. ચૌધરી સ્મરણાંજલિ તથા ઈનામ એનાયત કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

વર્લ્ડ પાટીદાર ફેડરેશનના સ્થાપક ડો. આઈ.સી. પટેલનું અવસાન

ગાંધીનગર, તા.૧૯

ખેતીવાડી ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારા પાટીદાર સમાજના અગ્રણી ડૉ. આઈ.સી. પટેલનું ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. વર્લ્ડ પાટીદાર ફેડરેશન દ્વારા સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલી આપી તેમના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી છે. વર્લ્ડ પાટીદાર ફેડરેશલના પ્રમુખ શંકરલાલ ગુરુના જણાવ્યા મુજબ ડૉ. આઈ.સી. પટેલનુંઅડાલજ ત્રિમંદિર ખાતેઅવસાન થયુંછે. તેઓ દાદા ભગવાનના ઉપાસક તેમજ અભ્યાસુ હતા. કિચન ગાર્ડનીંગ માટે ભારત સરકાર તેમજ અમેરિકાએ તેમને અનેક એવોર્ડથી નવાજયા હતા. વર્લ્ડ પાટીદાર ફેડરેશનના સ્થાપક ડૉ. આઈ.સી. પટેલે ખેતીવાડી ક્ષેત્રે પણ અનેક પુસ્તકો લખ્યા છે. સ્વર્ગસ્થના મૃતદેહનુંપણ દાન કરવામાંઆવ્યુંહોવાનું પણ ફેડરેશનના પ્રમુખે જણાવ્યુંછે.

એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ પુસ્તકાલયની મુલાકાત લીધી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં રાજય મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી. જેમાં ધોરણ ૭ની ૩૧ પથી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શાળામાં ચાલતી સહ અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત પુસ્તકાલયની મુલાકાત લેવામાં આવી હતી. આ પુસ્તકાલયની મુલાકાત દરમિયાન પુસ્તકની આપ લે વિભાગ, વાંચન વિભાગ, ઈ-પુસ્તકાલય, સામાયિક ન્યુઝ, પેપર વિભાગ અને સંદર્ભ ગ્રંથ વિભાગ અંગે વિદ્યાર્થીનીઓને માહિતી આપવામાં આવી હતી. ગ્રંથપાલ દિપકભાઈ મહેતા અને નલિનીબેન દ્વારા સમગ્ર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ મુલાકાત વખતે શાળાના શિક્ષકો સતિષભાઈ, ચેતનાબેન, પ્રવિણભાઈ, હેમાંગીબેન તેમજ પ્રવિણાબેન હાજર રહ્યા હતા.

વાતવાતમાં

● શહેરમાં રાજમાર્ગોનું નવીનીકરણ કરાયુંછે તેમાંહજુ કેટલુંક કાર્ય બાકી છે. ઘ-૬ થી ટાટા ચોકડી તરફના માર્ગેઆવતા સ્પીડ બ્રેકર્સપર હજુ સફેદ પટ્ટા દોરાયા ના હોઈ અનેક વાહન ચાલકોને બમ્પ દેખાતા નથી જેના લીધે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગુજરાત સરકાર દ્વારા નવા વર્ષના કેલેન્ડર્સ બહાર પડાયા છે જેમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેની દાંડી કુટિરનો સમાવેશ કરાયો છે. આ સાથે આપેલ વિગતોમાં ઓડિયો વિઝયુઅલ તથા મેપિંગ ટેકનિકથી સજ્જ દાંડી કુટિર પ્રવાસીઓ માટે કાયમી અવિસ્મરણીય નજરાણું હોવાનું જણાવાયું છે.

● વિક્રમ સંવત ૨૦૭૨-૭૩ને આવરી લેતી વર્ષ ૨૦૧૬ માટેની સરકારી ડાયરી પણ બહાર પડાઈ છે. આ ડાયરીમાં નાની બચત યોજના સહિત સરકારી બચત યોજનાઓની વિગતવાર માહિતી આવરી લેવાઈ છે.

● ગાંધીનગરના જાણીતા બિલ્ડર જગત કારાણીના સે-૨૯માં નિવાસસ્થાને સાંજે ૭ કલાકે વડીલોના પુણ્ય સ્મરણાર્થે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જુના હિન્દી ફિલ્મી ગીતોની મહેફિલ સજાવવામાં આવનાર છે.

● હૈદરાબાદ ખાતે દલિત વિદ્યાર્થીએ કરેલ આત્મહત્યાના મુદ્દે ગાંધીનગરની કેન્દ્રિય વિદ્યાલયના વિદ્યાર્થીએ શાંતિપૂર્ણ વિરોધ પ્રગટ કર્યો હતો. વિદ્યાર્થીઓએ કેન્દ્રિય વિદ્યાલય ખાતે પૂતળા દહનનો કાર્યક્રમ પણ યોજયો હતો.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

સે-૨૮નાં ગાર્ડનમાંથી યુવતીનો મોબાઈલ લુંટી જનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૨૮ના ગાર્ડનમાં અમદાવાદનું એક પરિવાર આવ્યું હતું ત્યારે પરિવારની સભ્ય જીનલ વ્યાસનો મોબાઈલ લઈ બાળકો ફોટો ખેંચી રહ્યા હતા તે દરમિયાન એક શખ્સ મોબાઈલ લુંટીને ફરાર થઈ ગયો હોવાની ઘટના મહિના પહેલા બની હતી. આ લુંટ ચલાવનાર દહેગામના પાલુન્દ્રા વિસ્તારનાં શખ્સને સે-૨૧ પોલીસે પકડી પાડયો છે. આરોપીની ધરપકડ કરી પોલીસે ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

અમદાવાદના પાલડી વિસ્તારમાં સ્થિત ધરણીદર દેરાસર પાસેની એક સોસાયટીમાં રહેતી જીનલ ધર્મેન્દ્રભાઈ વ્યાસ પરિવાર સાથે મહિના અગાઉ સે-૨૮ના બગીચામાં ફરવા આવી હતી તે સમયે પરિવારના સભ્યો એક સાઈડ બેસીને વાતો કરી રહ્યા હતા અને જીનલનો મોબાઈલ લઈને બાળકો ફોટો પાડી રહ્યા હતા. આ સમયે બાળકો પાસે પહોચીને એક શખ્સે જીનલનો રૂ. ૧૪૫૦૦ની કિંમતનો મોબાઈલ ઝુંટવીને લુંટી લીધો હતો. મોબાઈલ લુંટીને ફરાર થઈ જનાર અજાણ્યા શખ્સ સામે જીનલે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે લુંટનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. દરમિયાન આજે સે-૨૧ પોલીસની ટીમે લુંટારું શખ્સને પકડી પાડયો છે. દહેગામના પાલુન્દ્રા વિસ્તારના રાકેશ ઉર્ફે લાલસિંહ ગુલાબસિંહ ચૌહાણની લુંટના ગુનામાં ધરપકડ કરીને સે-૨૧ પોલીસે વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

યુવતીનો મોબાઈલ લઈ બાળકો ફોટો પાડી રહ્યા હતા ત્યારે પાલુન્દ્રાનો શખ્સ મોબાઈલ લુંટીને ફરાર થઈ ગયો હતો

જો તમે તમારી પત્નીથી દુઃખી હોવ તો ધ્યાનથી જુઓ આ તસવીર...

માર્ગ ઉપર જઈ રહેલા વાહનો ઉપર અનેક પ્રકારના લખાણો જોવા મળે છે. જેમાં હોદ્દો-સંસ્થા, દેવી દેવતાના નામ, કલાકારોના નામ તથા શેરો શાયરી લખેલું જણાય છે. પરંતુ તમે કોઈ પણ વાહન પાછળ ન લખેલું કે વાંચેલું લખાણ અમો આ તસવીરથી તમને દર્શાવીએ છીએ. રવિવારે માર્ગ ઉપર જતી એક એમ્બેસેડર પાછળ 'પત્ની પીડિત પુરૂષ સંઘ' લખેલું લખાણ જોવા મળ્યું હતું અને આ કારને મહાશયે દુઃખી પતિ વાહિની બનાવી છે. માર્ગ ઉપરથી પસાર થતી આ કાર ઉપરના લખાણથી સૌ કોઈ કુતુહલતામાં પડી જઈ પત્ની પીડિત પુરૂષ સંઘ પણ આ દેશમાં અસ્તિત્વ ધરાવે છે તેનું આશ્ચર્ય વ્યકત કરી એક બીજા સામે ખડખડાટ હસતા લોકો જોવા મળી રહ્યા હતા. અને ખડખડાટ હસી ન શકતા પત્નીથી દુઃખી પતિઓ માટે તસવીરમાં જણાવ્યા મુજબનો મોબાઈલ નંબર પણ ઉપલબ્ધ બન્યો છે અને આ કાર દુઃખી પતિ વાહિની પણ હોવાથી ભોગ બનેલા પતિઓ આ કારમાં વહન બનવાના સંજોગો ઉભા થયા હોવાનું પ્રથમ દૃષ્ટિએ તસવીર બયાન કરી રહી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

કુડાસણની સોપાન પ્રતિષ્ઠા કન્સ્ટ્રકશન સાઈટ પર એલસીબીનું ચેકીંગ

ગાંધીનગર એલસીબીની ટીમે ગાંધીનગર શહેર તથા આસપાસ વિસ્તારની કન્સ્ટ્રકશન સાઈટ પર ખાસ ચેકીંગ હાથ ધર્યા છે. ગુનાખોરી વધતા કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા મજુરોની ડીટેઈલ મેળવવાની કામગીરી હાથ પર લેવાઈ છે ત્યારે ગઈ સાંજે કુડાસણ ખાતે સ્થિત સોપાન પ્રતિષ્ઠા કન્સ્ટ્રકશન સાઈટ પર એલસીબીની ટીમે ચેકીંગ હાથ ધર્યું હતું. આ સાઈટ પર કામ કરતા મજુરોનું રજીસ્ટર પણ નિભાવવામાં આવ્યું ન હતું કે મજુરો અંગે સ્થાનિક પોલિસ મથકે જાણ પણ કરવામાં આવી ન હોવાનું ધ્યાને આવતા સે-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા શૈલેષભાઈ લાલભાઈ પટેલ અને રાંદેસણ ગામમાં રહેતા રંજનસિંહ સુરેન્દ્રસિંહ રાજપુત મળી બે કોન્ટ્રાકટરો સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઈન્ટરનેશનલ યર ઓફ લાઈટ નિમિત્તે બે દિવસીય સેમિનારનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચ વિભાગ દ્વારા 'ઈન્ટર નેશનલ યર ઓફ લાઈટ એન્ડ ૧૦૦ યર્સ ઓફ થિયરી ઓફ રિલેટીવિટી' વિષય પર બે દિવસીય પરિસંવાદનો પ્રારંભ એલડીઆરપી ઈન્સ્ટીટયુટના નવા ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી અમદાવાદ, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ડિરેકટર તથા સાયન્સટીસ્ટ પ્રો. ઉત્પલ સરકારે પોતાના વ્યાખ્યાનમાં તેમણે લાઈટનું મહત્વ સમજાવ્યું હતું આ સાથે આઈનસ્ટાઈન તથા ન્યૂટનની ગુરુત્વાકર્ષણના નિયમની વિસ્તારથી છણાવટ કરી હતી. જ્યારે આર્યભટ્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સીઝ, નૈનિતાલના ડિરેકટર પ્રો. વહાબઉદ્દીને એશિયાનું સૌથી મોટું ટેલિસ્કોપ ૩.૬ મીટર ડાયામીટર ઓપ્ટીકલ ટેલીસ્કોપ સેન્ટ્રલ હિમાલયમાં કુમાયુ રીઝયન દેવસ્થળમાં લગાવ્યું છે. જેને નિહાળીને વિદ્યાર્થીઓ વધુ કાર્ય કરે તે માટે આમંત્રણ આપ્યું હતું. પી.આર.એલ અમદાવાદના સિનિયર સાયન્સટીસ્ટ પ્રો.રંગરાજને આઈન્સ્ટાઈન ૧૦૦ યર્સ ઓફ લાઈટ રીલેટીવીટી પર વિસ્તારથી ચર્ચા કરી હતી. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ.પટેલે પોતાના વ્યકતવ્યમાં વિદ્યાર્થીઓ સમાજ ઉપયોગી સંશોધન કરે તે માટે યુનિવર્સિટીએ ૫૦ લાખનું ભંડોળ પણ અલગથી ફાળવ્યું છે તો આ પરિસંવાદ દ્વારા યોગ્ય સંશોધન થાય અને વિદ્યાર્થીઓને સહાયક બની રહે તેવી આશા પ્રગટ કરી હતી.

આ બે દિવસીય પરિસંવાદમાં ગુજરાતની વિવિધ ૨૦થી વધુ સાયન્સ કોલેજના ૪૦૦થી વધી વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહેશે. આ સિવાય વિવિધ કોલેજો દ્વારા લાઈટ રિલેટીવિટીને લગતાં વિવિધ પોસ્ટરો તથા મોડલો પણ અહીં પ્રસ્તુત કરાયા હતાં.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી અમદાવાદના ડિરેકટર તથા સાયન્ટીસ્ટ પ્રો. ઉત્પલ સરકાર, આર્યભટ્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સીઝ નૈનિતાલના ડિરેકટર પ્રો. વહાબઉદ્દીન અને પી.આર.એલ અમદાવાદના સિનિયર સાયન્સટીસ્ટ પ્રો.રંગરાજન, કડી સર્વ વિશ્વવિદ્યાલય ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી.કાપડીયા અને રીસર્ચ વિભાગના ડીન રાજમલ જૈન સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

કુડાસણની સ્કૂલ ઓફ અચિવરમાં સ્પોર્ટસ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્કૂલ પરિવારે છઠ્ઠા સ્પોર્ટસ ડેની ઉજવણી તા.૧૯-૧-૨૦૧૬ના રોજ કરી હતી. આ વર્ષે પારંપરિક ચીલો ચાતરી એક નવો જ અભિગમ અપનાવ્યો હતો. ઉદ્ઘાટન વિધિમાં બહારથી મહેમાનને આમંત્રણ આપવાને બદલે એક્ટિવિટી સ્ટાફના જ સભ્ય શ્રી મિલન પટેલની ચીફ ગેસ્ટ તરીકે વરણી કરવામાં આવી હતી. ધ્વજારોહણ, મશાલ-પ્રજ્વલન અને 'ડે' ખુલ્લો મૂકવાની બધી જ ઔપચારિકતાઓનું વહન શ્રી મિલન પટેલે કર્યું હતું.

વિશાળ સ્કૂલ પરિસરમાં સુંદર રીતે આયોજિત વિવિધ રમત-સ્પર્ધાઓમાં જોડાયેલાં બાળકો શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે ખીલે તે હેતુથી શિસ્તબધ્ધ અને પધ્ધતિસર યોજાયેલો આ સ્પોર્ટસ ડે સૌ માટે ચિરસ્મરણીય બની રહ્યો હતો.

ત્રણ પ્રકારની રમતોને સ્પર્ધામાં સ્થાન અપાયું હતું. (૧) સ્કૂલ ગેમ્સ, (૨) રીક્રિએશન ગેમ્સ, (૩) એથ્લેટીક્સ ગેમ્સ. લગભગ ૧૩ પ્રકારની સ્કૂલ ગેમ્સ, ૧૧ પ્રકારની એથ્લેટીક્સ અને ૧૨પ્રકારની રીક્રિએશન ગેમ્સ માટે શાળાના વ્યાયામ-શિક્ષકો અને એક્ટિવિટી-કોચ દ્વારા તાલીમસહ માર્ગદર્શન પૂરું પડાયું હતું. સમગ્ર સ્પોર્ટસ ડેનું સફળ સંચાલન એક્ટિવિટી-ઈન્ચાર્જ શ્રી જગદીશભાઈ સુથારની રાહબરી હેઠળ વ્યાયામ-શિક્ષકો શ્રી અલ્પેશસિંહ બારડ, શ્રી મિલનભાઈ પટેલ તથા શ્રી ધર્મેન્દ્રસિંહ સોલંકીએ કર્યું હતું.

ગાંધીનગર રબારી સમાજના મહામંત્રીપદે લાભુભાઈ દેસાઈની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર રબારી સમાજ દ્વારા ગત તા. ૧૮મી જાન્યુઆરીના રોજ સેકટર-૨૫ ખાતે સમાજની સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં સર્વાનુમતે સમાજના મહામંત્રી તરીકે લાભુભાઈ સાંકાભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી તા. ૨૪મી જાન્યુઆરીના રોજ બપોરે ૧.૦૦ કલાકે સેકટર-૧૩ લિંબચમાતાના મંદિર ખાતે સમાજ દ્વારા સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, ભરતી-બઢતી તેમજ નિવૃત્ત થયેલા સમાજના સરકારી કર્મચારીઓનું સંમેલનમાં સન્માન કરવામાં આવશે તેમ રબારી સમાજના પ્રમુખ તેજાભાઈ દેસાઈ જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. બિહોલા વિણાબેન નટવરસિંહ, ઉ.વ. ૫૮
- સ્વ. દેવાંશ જયેશભાઈ પટેલ, ઉ.વ. ૨૧
- સ્વ. શારદાબેન ભેમાભાઈ ચૌધરી, ઉ.વ. ૬૦
- સ્વ. જગુબેન વનાભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦
- સ્વ. ચાવડા જોરાવરસિંહ મનુસિંહ, ઉ.વ. ૭૨
- સ્વ. શારદાબેન બાબુભાઈ પટેલ, ઉ.વ. ૬૦